# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૨/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા મુખ્યમંત્રીને સુરતના ઉદ્યોગ સાહસિકોની PMEGP સ્કીમ માટેની અરજીઓ સ્વીકારવા તથા MSME ને લગતા બેન્કીંગ સંબંધિત પ્રશ્નોના નિવારણ માટે રજૂઆત

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી બેંકો સાથેની રિવ્યૂ મિટીંગમાં ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયા દ્વારા રજૂઆત, મુખ્યમંત્રીએ પંદર દિવસમાં PMEGP સ્કીમ માટે એપ્લીકેશન ફરીથી અપલોડ કરાવી કાર્યવાહીની ખાતરી આપી**

**ઉદ્યોગકારોને પ્રોજેક્ટ કોસ્ટ/કેપીટલ કોસ્ટ ઉપર લાગતા જીએસટીનો બેંક લોનની રકમમાં સમાવેશ કરવા માટે, એમએસએમઇમાં એક બેંકમાંથી બીજા બેંકમાં લોન ટ્રાન્સફર કરતી વખતે પેનલ્ટી નહીં લગાવવા માટે, આરબીઆઇના કરન્ટ એકાઉન્ટ માટેના સકર્યુલરમાં રાહત આપવા માટે તથા બેંક દ્વારા કોન્ટ્રાકટરના કેસમાં પર્ફોર્મન્સ ગેરંટી ઉપરનો ચાર્જ રિલીઝ કરવા માટે રજૂઆત કરવામાં આવી**

**સુરત.** ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સોમવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ગાંધીનગર ખાતે એમએસએમઇ સેકટર ઉપર ઘ્યાન કેન્દ્રિત કરવા માટે બેંકો સાથે રિવ્યૂ મિટીંગ મળી હતી. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયા અને ચેમ્બરની ગવર્મેન્ટ સ્કીમ્સ કમિટીના ચેરમેન સીએ રાજીવ કપાસિયા તથા વિવિધ બેંકોના ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.

મિટીંગમાં ઓપન ફોરમ દરમ્યાન ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયાએ સુરતના ઉદ્યોગ સાહસિકોની 'પ્રાઇમ મિનિસ્ટર્સ એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ' PMEGP સ્કીમ અંગેની અરજીઓને સ્વીકારી તેને મંજૂરી આપવા માટે રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, સુરત શહેરના ઉદ્યોગ સાહસિકો વિવિધ પ્રકારની ઉત્પાદન પ્રક્રિયામાં ઝંપલાવી દેશનું એકસપોર્ટ વધે તે દિશામાં પ્રયાસ કરી રહયા છે. દેશના નાના ઉદ્યોગ સાહસિકો વેપાર – ઉદ્યોગની દિશામાં આગળ વધી શકે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવા હેતુ કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રાઇમ મિનિસ્ટર્સ એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ' PMEGP સ્કીમ બહાર પાડવામાં આવી છે. ભારત સરકારની આ સ્કીમનો લાભ લેવા માટે ગુજરાત સરકારના કુટીર ઉદ્યોગ વિભાગ તરફથી નાના ઉદ્યોગ સાહસિકોની અરજીઓને મંજૂરી આપવામાં આવે છે.

ઉપરોકત સ્કીમનો લાભ લેવા માટે તેમજ તેના થકી રોજગારી ઉભી કરવાનો પ્રયાસ કરનારા સુરતના ઉદ્યોગ સાહસિકો દ્વારા સંબંધિત વિભાગમાં અરજી કરવામાં આવી છે, પરંતુ છેલ્લા દોઢેક વર્ષથી તેઓની અરજી સ્વીકારવામાં આવતી નથી. ઉલ્લેખનીય છે કે, ગુજરાતભરમાં સુરત સિવાયના અન્ય તમામ જિલ્લાઓમાંથી કરવામાં આવેલી અરજીઓ સ્વીકારવામાં આવી છે અને તેને મંજૂર પણ કરવામાં આવી રહી છે. પરંતુ એકમાત્ર સુરત શહેરના જ ઉદ્યોગ સાહસિકોની અરજીઓ સ્વીકારવામાં આવતી નથી. નવી અરજીઓ તો સ્વીકારવામાં આવતી જ નથી પણ જૂની અરજીઓમાં પણ કોઈ સુધારા કે ચેન્જીસ કરવાની મંજૂરી વિભાગ તરફથી આપવામાં આવતી નથી. આથી સુરતના ઉદ્યોગ સાહસિકો સાથે થઇ રહેલા અન્યાય સંદર્ભે ચેમ્બર દ્વારા મિટીંગ દરમ્યાન અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે રજૂઆત કરી હતી કે, સુરતના ઉદ્યોગ સાહસિકોની આશરે ચાર હજારથી વધુ ફાઇલો પેન્ડીંગ છે. આથી આ મામલે ઘટતું કરવા માટે તેમણે મુખ્યમંત્રીને મિટીંગમાં ઓપન ફોરમ દરમ્યાન રજૂઆત કરી હતી.

તદુપરાંત ચેમ્બર દ્વારા ગુજરાતના રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી જગદીશ પંચાલ સાથે રૂબરૂ મુલાકાત કરી તેઓને પણ ઉપરોકત સમગ્ર મામલે લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બરની રજૂઆતને પગલે મુખ્યમંત્રીએ આ સમસ્યાનું પંદર દિવસમાં નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. તેમણે 'પ્રાઇમ મિનિસ્ટર્સ એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ' PMEGP સ્કીમ અંતર્ગત સુરતથી કરાયેલી એપ્લીકેશનને ફરીથી અપલોડ કરાવી ટૂંક સમયમાં તે અંગે કાર્યવાહી કરવાની પણ બાયધરી આપી હતી.

## ચેમ્બર દ્વારા મુખ્યમંત્રીને નીચે મુજબની પણ રજૂઆતો કરવામાં આવી હતી.

- હાલમાં ઉદ્યોગકારોને પ્રોજેકટ કોસ્ટ/કેપીટલ કોસ્ટ ઉપર લાગતા જીએસટીની રકમને બેંકો દ્વારા કુલ ધિરાણની રકમમાં ગણતરી કરવામાં આવતી નથી. આથી કુલ ધિરાણની જરૂરિયાતમાં જીએસટી રકમનો પણ સમાવેશ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

- હાલમાં એમએસએમઇમાં એક બેંકમાંથી બીજા બેંકમાં લોન ટ્રાન્સફર કરતી વખતે બેંકો દ્વારા પેનલ્ટી લગાવવામાં આવે છે. આથી બેંકો દ્વારા પેનલ્ટી નહીં લગાવવામાં આવે તે માટે રજૂઆત કરાઇ હતી.

- હાલમાં આરબીઆઇના કરન્ટ એકાઉન્ટ માટેના સર્ક્યુલર મુજબ ઉદ્યોગકારોએ એક બેંકમાંથી ધિરાણ લીધું હોય તો તેઓ અન્ય બેંકના કરન્ટ એકાઉન્ટમાંથી પેમેન્ટ નહીં કરી શકે. આથી આ સર્ક્યુલરમાં રાહત આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

- હાલમાં બેંક દ્વારા કોન્ટ્રાકટરના કેસમાં કોન્ટ્રાકટની પર્ફોર્મન્સની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ કલેઇમ અને વેલિડીટી પિરિયડ પણ પૂર્ણ થયા બાદ બેંક દ્વારા તેઓની પર્ફોર્મન્સ બેંક ગેરંટી ઉપરનો ચાર્જ રિલીઝ કરવામાં આવતો નથી. આથી બેંકો દ્વારા તેઓના ગ્રાહક વતિ પીબીજી ઇશ્યુ કરી હોય અને તેનો કલેઇમ અને વેલિડીટી પિરિયડ પૂર્ણ થઇ ગઇ હોય તો આપોઆપ એના પર લાગેલા ચાર્જ રિલીઝ થવો જોઇએ તે માટે રજૂઆત કરવામાં આવી હતી.